**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫ માં, અમદાવાદ.**

**C.C.NO.63667-2020**

**-: <u>આંક : ૧ લગત હુકમ</u> :-**

**(૧)** આજ રોજ કેસનું રેકર્ડ વંચાણે લેતાં, આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તથા જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૮૫(૧) (૩) મુજબના ગુનામાં બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૬(૧)(બી),જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨)** હાલના કેસનું રેકર્ડ જોતાં, હાલના આરોપી સામે કરેલ સમન્સ ધ્યાને લેતાં, આરોપી સમન્સમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી તેમજ આરોપી બાબતે કોઈ માહિતી મળેલ નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

**(૩)** આ તબકકે ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ -૨૫૮ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે.વિશેષમાં, જો મુખ્ય સાહેદનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવેલ હોય, તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરુધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: <u>હુકમ</u> :-

આથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ- ૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી),જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ફો.કા.અ.ની કલમ ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજ તા. ૨૨ મી જુન, સને ૨૦૨૪ ના રોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૨૨/૦૬/૨૦૨૪
અમદાવાદ.

(શકિતસિંહ ધનશ્યામભાઈ ચાંચુ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫, અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૦૮૮૫

**-: <u>આંક – ૧ લગત હુકમ</u> :-**

આ કેસની હકીકતો વંચાણે લેતા આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)(૩) તથા જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો વંચાણે લેતાં એ જણાઈ છે કે આરોપી વિરુધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ-૮૫(૧)(૩) મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા નથી. આથી આરોપીની ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ- ૮૫(૧)(૩) મુજબના ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૨૨/૦૬/૨૦૨૪
અમદાવાદ.

(શકિતસિંહ ઘનશ્યામભાઈ ચાંચુ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૫, અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૦૮૮૫